# આકસ્મિક પાક આયોજન ખરીફ ૨૦૧૯

## ૧. પ્રસ્તાવના

રાજયમાં ચોમાસા દરમ્યાન વરસાદ સમયસર અને જરૂરીયાત મુજબનો આવતો નથી. સમયસર જરૂરીયાત મુજબ અને પુરતો વરસાદ ન થતા પાક ઉત્પાદનમાં તેની માઠી અસરો જોવા મળે છે. જેથી વરસાદની પરિસ્થિતીને ધ્યાને લઇ બાગાયતી પાકોના વાવેતર કરવા જરૂરી વિચારણા અને પુર્વ આયોજન કરવું જરૂરી બને છે. જે તે વિસ્તારમાં સમયસર વરસાદ ન પડે અથવા ઓછા વધતા પ્રમાણમાં હોય તે પરિસ્થિતીમાં ક્યા ક્યા પાક અને કઇ કઇ જાતોનું બિયારણ વાવેતર માટે યોગ્ય રહેશે તેમજ બિયારણ, ખાતર, દવાઓની ઉપલબ્ધી અંગે અગાઉથી ગોઠવણ કરવી પડે છે. કોઇ વિસ્તારમાં સમયસર વરસાદ, મોડો વરસાદ, સારો વરસાદ થયા પછી લાંબા સમય સુધી વરસાદ ન આવે અથવા ચોમાસુ વહેલું પુરૂ થઇ જાય અથવા ચોમાસુ લંબાય તે બધા સંજોગો ધ્યાને રાખી કૃષિ પાકોના વાવેતર અંગેની તૈયારી કરવાની રહે છે. કોઇ પણ કામગીરીની સફળતા માટે આગોતરુ આયોજન મહત્વનું હોય છે. ગુજરાતમાં વરસાદની અનિયમિતતા અને અચોક્કસતા છે જેથી બાગાયતી પાકોમાં આગોતરૂ પાક આયોજન કરવુ જરૂરી બને છે. જે માટે ખેતી ને અસરકર્તા પરિબળો જેવા કે, આબોહવા જમીન, કૃષિ બજારભાવ, પાક્પધ્ધતિ, પાણીની ઉપલબ્ધતા, બિયારણ/ખાતરની ઉપલબ્ધતા મજુર અને બજાર વ્યવસ્થા વગેરે મુધ્દાઓ ધ્યાને લઇ આગોતરૂ પાક આયોજન કરવુ જોઇએ.

## ૨. જમીન અને આબોહવા:-

રાજયની આબોહવામાં પણ ઘણી વિવિધતા જોવા મળે છે. જેમાં ઉષ્ણ ભેજવાળી સુકી અને અર્ધ સુકી આબોહવા વાળા વિસ્તાર છે. સુકી આબોહવામાં ઉત્તર ગુજરાતનો વિસ્તાર તથા સૌરાષ્ટ્રના ઉત્તર અને પશ્ચિમના વિસ્તારનો સમાવેશ થાય છે. ભેજવાળી આબોહવામાં દક્ષિણ ગુજરાતનો સમાવેશ થાય છે.

### જમીન :-

રાજયની જમીનમાં ભારે કાળી જમીન, રેતાળ જમીન, ગોરાડુ જમીન ક્ષારીય જમીન વગેરેનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતની જમીન રેતાળ છે. ગોરાડુ જમીન મધ્ય ગુજરાત અને કાંઠા વિસ્તારમાં જોવા મળે છે. રાજયના કાંઠા વિસ્તારમાં ક્ષારીય જમીન પણ જોવા મળે છે. આમ જમીનની વિવિધતાને ધ્યાને લઇ ખરીફ પાક આયોજ઼ન કરવું જોઇએ.

## ૩. વરસાદ :-

ચોમાસુ ઋતુમાં વરસાદની શરૂઆત નિયમીત હોય તો જુન માસના મધ્યમાં આવે છે. અને સપ્ટેમ્બર માસના અંતમાં વરસાદ વિદાય લેતા ચોમાસુ પુર્ણ થાય છે. જુનથી સપ્ટેમ્બર માસ દરમ્યાન કોઇવાર બે વરસાદ વચ્ચેનો ગાળો લંબાય છે.અથવા સતત વરસાદની હેલી જેવું વાતાવરણ રહે છે. ઓગષ્ટ માસ દરમ્યાન વધુ અને સતત વરસાદથી ઉભા પાક તથા ખુલ્લી જમીનમાં લાંબા સમય સુધી પાણી ભરાઇ રહે છે. ઉપરોક્ત જણાવ્યા મુજબની પરિસ્થિતી રાજયના ક્યા વિસ્તારમાં ઉભી થાય તે અંગેની ખુબજ વિવિધતા જોવા મળે છે. અમુક સમયે રાજયના અમુક ભાગમાં નહિવત અને ઓછો વરસાદ થતા કૃષિ પાકોનું વાવેતર ન થવાથી અવારનવાર દુષ્કાળની અસર જોવા મળે છે. રાજયના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મોટે ભાગે ચોમાસાની શરૂઆત જુન માસના બીજા સપ્તાહમાં થાય છે. ત્યાર પછી ત્રીજા ચોથા સપ્તાહમાં ચોમાસુ આગળ વધતા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારને આવરી લે છે. સપ્ટેમ્બર માસના અંત સુધીમાં રાજયમાં લગભગ ઘણા ખરા વિસ્તારોમાંથી વરસાદની વિદાય થતાં ચોમાસુ પુર્ણ થાય છે. આમ વરસાદની શરૂઆત અને વરસાદની વિદાયને ધ્યાને લઇ કૃષિ પાકોના વાવેતર અંગે અગાઉથી આયોજન કરવું જરૂરી બને છે. આ મુજબ પાક અને પાક્ની જાતો, ખાતર, મિશ્ર પાક પધ્ધતિની પસંદગી કરવાની રહે છે. રાજયમાં ૪૦૦ મી.મી. થી ૨૫૦૦ મી.મી. જેવો ભારે વરસાદ પણ પડે છે. આમ કુલ વરસાદ અને વિસ્તારવાર વરસાદની વહેંચણીમાં પણ અનિયમીતતા જોવા મળે છે.

## ૪. જમીનનો ઉપયોગ અને પાક પધ્ધતિઃ-

રાજયના કુલ વિસ્તાર પૈકી ૪૯ ટકા વિસ્તાર જુદા જુદા ખેતી પાકેના વાવેતર હેઠળ સમાવેશ થાય છે. ખેતી હેઠળના કુલ વાવેતર વિસ્તાર પૈકી ૩૬ટકા વિસ્તારમાં પિયતની જુદી જુદી સુવિધાઓ ઉપલબ્ધ છે. રાજયનો મોટાભાગનો વિસ્તાર વરસાદ આધારીત ખેતી હેઠળનો છે. રાજયના વિસ્તાર મુજબ જમીન અને આબોહવાની વિવિધતા જોવા મળે છે. જમીન અને આબોહવાની વિવિધતાને કારણે જુદા જુદા વિસ્તારોમાં ખેતીના પાકોમાં પણ વિવિધતા જોવા મળે છે. વિસ્તારવાર જુદા-જુદા બાગાયતી પાકોનું વાવેતર કરવામાં આવે છે. તદ્ઉપરાંત મિશ્ર પાક પધ્ધતિ તથા આંતરપાક પધ્ધતિ અપનાવી ખેતી પાકોનું વાવેતર કરવામાં આવે છે.

રાજયમાં સામાન્ય રીતે ચોમાસાની શરુઆત ૨૦ જુન થી થાય છે. આ સમયે બાગાયતી બહુ વર્ષાયુ ફળ પાકો તેમજ વર્ષાયુ ફળ પાકો જેવા કે કેળ /પપૈયા પાકોની કાપણી તથા ઉનાળુ શાકભાજી પાકોની પાછલી અવસ્થા જોવા મળે છે. સંતોષકારક વરસાદ થાયતો ફળ વાડીમાં ખેડ/ખાતર/ નિંદણ નિયંત્રણ જેવી કામગીરી કરવામાં આવે છે. જયારે ઉનાળુ શાકભાજી કરેલ હોય તેવા ખેતરમાં શાકભાજીની છેલ્લી વિણી પુરી થયેથી અથવા પડતર ખેતર તૈયાર કરી નવા ચોમાસુ શાકભાજી પાકોના વાવેતર માટેની શરુઆત

કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકો ની કલમ /રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.

રાજયના નિયત કરવામાં આવેલ હવામાન આધારીત પાક વિસ્તારોમાં સમાવિષ્ટ જિલ્લાઓમાં નીચે મુજબની ક્રોપીંગ પેટર્ન નો ખેડૂતો દવારા અમલ કરવામાં આવે છે.

| અ. નુ. | ઉપ વિભાગ | વિભાગ/વિસ્તાર/જીલ્લા | વરસાદ મી.મી. | જમીન | મુખ્ય બાગાયતી પાકો |
|---|---|---|---|---|---|
| ૧ | દક્ષિણ ગુજરાત ભારે વરસાદ પર્વતાલય વિસ્તાર | (૧)ડાંગ,વલસાડ (૨)નવસારી જીલ્લાનો ભાગ(નવસારી અને ગણદેવી તાલુકા સિવાય) (૩)તાપી જીલ્લાનો ભાગ(વાલોડ,વ્યારા,ઉચ્છલ,સોનગઢ) (૪) સુરત જીલ્લાનો ભાગ (મહુવા તાલુકો) | ૧૫૦૦ મી.મી.અને વધુ | કાળી ચિકણી,આલ્કલી, અને મધ્યમ કાળી | ફળ:-આંબા,ચિકુ,કાજુ,પપૈયા,કાંઠા,નાળિયેર શાકભાજી:- રીંગણ,ટામેટા,સુરણ,પરવળ,કાકડી મસાલા:- હળદર,આદુ,મરચા ફુલો:-ગુલાબ,લીલી,ગલગોટા,જાસ્મીન ગેલાર્ડીયાટુબરોઝ, ક્રીસેનથીમમ ઐસધિય અને સુગંધીત:- સફેદમુસલી,એસ્પેરીગસ,કુંવારપાઠુ,ગુગલ, પામરોઝા |
| ૨ | દક્ષિણ ગુજરાત | (૧)નવસારી જીલ્લાનો ભાગ(નવસારી અને ગણદેવી તાલુકા) (૨)સુરતજીલ્લાનો ભાગ(કામરેજ, પલસાણા, બારડોલી,માંગરોલ,માંડવી) (3) તાપી જીલ્લાનો ભાગ(નિઝર) અને ભરુચ અને નર્મદા જીલ્લા) | ૧૦૦૦ થી ૧૫૦૦ | કાળી ચિકણી, ક્લેઇ, | ફળ:-આંબા, ચિકુ, કેળ, પપૈયા, નાળિયેર, જામફળ, લીંબુ શાકભાજી:રીંગણ, ભીંડા, ટામેટા, સુરણ, કંકોડા, કોબીજ, ફ્લાવર, કાકડી મસાલા:-,આદુ, મરચા ફુલો:-ગુલાબ, લીલી, ગલગોટા, જાસ્મીન ગેલાર્ડીયાટુબરોઝ, ક્રીસેનથીમમ, જર્બેરા, કાર્નેશ ઐસધિય અને સુગંધીત:- સફેદમુસલી, સેના, કુંવારપાઠુ, ગુગલ, |
| ૩ | મધ્ય ગુજરાત | વડોદરા,ખેડા,આણંદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર અને દાહોદ | ૮૦૦થી૧૦૦૦ | ભારે કાળી થી ગોરાડુ, | ફળ:-આંબા, આમળા, પપૈયા, લીંબુ ,સિતાફળ, કેળ શાકભાજી:- રીંગણ, ભીંડા,ટામેટા, કાકડી, સરગવો, કોબીજ, ફ્લાવર મસાલા:-આદુ, મરચા ફુલો:-ગુલાબ, ગેલાર્ડીયા, ગલગોટા, જાસ્મીન, લીલી, ક્રીસેનથીમમ, જર્બેરા, કાર્નેશન ઐસધિય અને સુગંધીત:- ઇસબગુલ, સફેદમુસલી, સેના, કુંવારપાઠુ, ગુગલ, |
| ૪ | ઉત્તર ગુજરાત | (૧)ગાંધીનગર,મહેસાણા, | ૬૨૫ થી | રેતાળ અને | ફળ:-આંબા,આમળા, દાડમ, જામફળ, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સાબરકાંઠા, અરવલ્લી<br>૨)અમદાવાદનો ભાગ(દસ્ક્રોઇ અને સાણંદ)<br>(૩)બનાસકાંઠાનો ભાગ(ડીસા,ધાનેરા,પાલનપુર,દાંતા અને વડગામ તાલુકા) | ૮૭૫ | ગોરાડુ | બોરડી, પપૈયા, જામફળ, લીંબુ<br>શાકભાજી:- રીંગણ, ભીંડા, ટામેટા, સરગવો, બટાટા, ગાજર, મુળા,,કોબીજ, ફ્લાવર, કાકડી<br>મસાલા:-આદુ, મરચા, જીરુ, ધાણા, વરીયાળી, મેથી, અજમો<br>ફુલો:-ગુલાબ,ગેલાર્ડીયા,ગલગોટા, જાસ્મીન<br>ઐસધિય અને સુગંધીત:- ઇસબગુલ,સફેદમુસલી,સેના,કુંવારપાઠુ, ગુગલ, |
| ૫ | ભાલ અને કોસ્ટલ વિસ્તાર | (૧)કચ્છ,પાટણજીલ્લો<br>(૨)સુરેન્દ્રજીલ્લાના ધાંગધ્રા, દસાડાતાલુકા<br>(૩)બનાસકાંઠાજીલ્લાનાસાંતલપુર,રાધનપુર,કાંકરેજ, દિયોદર,વાવ,અને થરાદ તાલુકા (૪)અમદાવાદ જીલ્લાના વિરમગામ અને દસક્રોઇ તાલુકા<br>(૫) મોરબી જીલ્લાના હળવદ, માળીયા તાલુકો | ૬૨૫ થી ૧૦૦૦ | મધ્યમ કાળી, ઓછા નિતાર વાળી અને સલાઇન | ફળ:-આંબા,આમળા,બોરડી, લીંબુ ,સિતાફળ,ફાલસા,ખારેક,દાડમ,<br>શાકભાજી:- રીંગણ,ટામેટા,કાકડી<br>મસાલા:- મરચા,જીરુ,વરીયાળી,અજમો<br>ફુલો:- ગલગોટા<br>ઐસધિય અને સુગંધીત:- ઇસબગુલ,મેંદી,સેના,કુંવારપાઠુ,ગુગલ, |
| ૬ | ઉત્તર સૌરાષ્ટ્ર | (૧)જામનગર જીલ્લો<br>(૨)રાજકોટ જીલ્લાના પડધરી, લોધીકા,જસદણ,રાજકોટ, જામકંડોરણા અને કોટડા સાંગાણી<br>(૩)સુરેંન્દ્રજીલ્લાનાવઢવાણ, મુળી,સાયલા,ચોટીલા<br>(૪)ભાવનગરજીલ્લાનો ઉમરાળા તાલુકો<br>(૫) મોરબી જીલ્લાના વાંકાનેર,મોરબી તાલુકો<br>(૬) બોટાદ જીલ્લાના બોટાદ, ગઢડા તાલુકો | ૪૦૦ થી ૭૦૦ | છીછરી મધ્યમ કાળી | ફળ:-આંબા,આમળા,પપૈયા, લીંબુ,દાડમ,જામફળ,બોરડી,સિતાફળ,જાંબુ<br>શાકભાજી:- રીંગણ,ડુંગળી,ટામેટા,કોબીજ,ફલાવર,કાકડી<br>મસાલા:- મરચા,જીરુ,લસણ,ધાણા,મેથી,અજમો<br>ફુલો:-ગુલાબ,ગલગોટા,ગેલાર્ડીયા,જાસમીન,<br>ઐસધિયઅનેસુગંધીત:- ઇસબગુલ,સફેદમુસળી,સેના,કુંવારપાઠુ, |
| ૭ | દક્ષિણ સૌરાષ્ટ્ર | (૧) જુનાગઢ<br>(૨) ગીર સોમનાથ<br>(૩) ભાવનગર જીલ્લાના | ૬૪૫ થી૭૦૦ | છીછરી મધ્યમ કાળી અને ક્લે જમીન | ફળ:- આંબા,ચીકુ,કેળ,પપૈયા,નાળીયેર,બોરડી,સિતાફળ, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સિહોર,ઘોઘા,<br>ગારીયાધાર, પાલીતાણા,<br>તલાજા, મહુવા તાલુકા<br>(૪)અમરેલી જીલ્લાના<br>ધારી, સાવરકુંડલા<br>રાજુલા, જાફરાબાદ,<br>ખાંભા, અમરેલી, બાબરા,<br>લીલીયા, લાઠી, કુકાવાવ<br>(૫)રાજકોટ જીલ્લાના<br>જેતપુર,ધોરાજી,ઉપલેટા,<br>ગોંડલ | | | શાકભાજી:-<br>રીંગણ,ડુંગળી,ટામેટા,કોબીજ,ફલાવર,ભીંડા,<br>કાકડી<br>મસાલા:-મરચા,જીરુ,લસણ,મેથી<br>ફુલો:-ગુલાબ,ગલગોટા,ગેલાર્ડીયા<br>ઔસધિયઅનેસુગંધીત:-<br>ઇસબગુલ,સફેદમુસળી,સેના,કુંવારપાઠુ |
| ૮ | ઉત્તર પશ્ચિમ એરીડ ઝોન | ખંભાત,ભાલ નો દરિયા<br>કીનારા ના ભરૂચ<br>જીલ્લાના હાંસોટ,વાગરા<br>તથા સુરત<br>જીલ્લાનાઓલપાડ(૨)અમ<br>દાવાદ જીલ્લાના<br>ધોલકા,ધંધુકા(૪)<br>ભાવનગર જીલ્લાના<br>વલ્લભીપુર,ભાવનગર(૫)<br>સુરેન્દ્રનગર જીલ્લાના<br>લીમડી | ૨૫૦ થી ૫૦૦ | રેતાળ અને સેલાઇન જમીન | ફળ:-પપૈયા,બોરડી,સિતાફળ,<br>આમળા,જામફળ,દાડમ,<br>શાકભાજી:- રીંગણ,ટામેટા, કાકડી<br>મસાલા:-મરચા,જીરુ,અજમો<br>ફુલો:-ગુલાબ,ગલગોટા,ગેલાર્ડીયા<br>ઔસધિયઅનેસુગંધીત:-<br>ઇસબગુલ,સેના,કુંવારપાઠુ |

## ૫. પાક ઉત્પાદન માટે આક્સ્મિક પાક આયોજનઃ-

રાજયની જે તે વિસ્તારની જુદા જુદા પ્રકારની જમીન અને આબોહવાની પરિસ્થિતિને ધ્યાને લઇ જે તે વિસ્તાર માટે પાક્ના ક્રોપ ઝોન બનાવવામાં આવેલ છે. વરસાદની શરૂઆત અને વિદાયમાં ખુબ તફાવત અને અનિયમિતતાને કારણે રાજયના અમુક વિસ્તારોમાં ભારે વરસાદ પુરની પરિસ્થિતી ઉભી થાય છે. વરસાદ નહીવત અને ઓછો થવાથી કૃષિ પાકોનું વાવેતર અને ઉત્પાદન ન થતા ઉભા પાક્ને પુરથી નુક્શાન થતાં વિપરીત સંજોગો ઉભા થાય છે. આવી અસર હેઠળના વિસ્તારને વિપરીત સંજોગોનો સામનો કરવા આક્સ્મિક પાક આયોજન ખુબજ ઉપયોગી અને અસરકરક બને છે.

### ૧) સમયસરનો વરસાદ પડે તો

વિસ્તારને અનુરૂપ બાગાયતી પાકોનું વાવેતર સમયસર કરવું તથા નીચે મુજબના અગત્યના મુદા ધ્યાને લેવા

- ખેતીવાડી ખાતા/રાજયની કૃષિ યુનિ.એ ભલામણ કરેલ વધુ ઉત્પાદન આપતી જાતોના પ્રમાણીત બિયારણોનુ વાવેતર કરવું.
- જમીનમાં રહેલા ભેજના પ્રમાણને ધ્યાને લઇ પાયાના અને પુર્તી ખાતર આપવા.
- ચાલુ વરસાદે પુર્તી ખાતર આપવા નહી.
- બીયારણને વાવતા પહેલા ભલામણ મુજબ ફુગનાશક દવાનો પટ તથા જૈવિક ખાતરનો પટ આપી વાવેતર કરવું.
- સમયાંતરે આંતરખેડ કરી નિદામણ દૂર કરવું, તેમજ ખેતીમાં જોખમને ટાળવા માટે મિશ્ર પાક પધ્ધતી અપનાવવી.
- રોગ જીવાતના નિયંત્રણ માટે સંક્લીત જીવાત નિયંત્રણ  વ્યવસ્થા અપનાવવી.

### ૨) વરસાદ મોડો પડે, વરસાદ ખેંચાય અથવા ઓછો વરસાદ થાય તો

- મોટા ભાગના બાગાયતી પાકો પિયત પાકો હોઇ જે પાકો ઉભા હશે તેમાં વરસાદ ખેંચાતા પુરક પિયત આપવાના થશે. ઉપરાંત પિયતની સુવિધા હશે ત્યાં શાક્ભાજી પાકોનું નવું વાવેતર પણ થઇ શક્શે. આમ. છતાં નવા ફળપાકોની ક્લમોનું વાવેતર કરવાનું થાય તો સારા વરસાદની રાહ જોવી અને વાવેતર બાદ જો વરસાદ ખેંચાય તો ૮-૧૦ દિવસના ગાળે પિયત આપવું
- વરસાદ મોડો થાય તો રીંગણ, ટામેટા, મરચાંનું તૈયાર ધરૂ મળે તો તેનું વાવેતર કરી શકાય અથવા ટૂંકા ગાળાના શાક્ભાજી પાકો જેવા કે ગુવાર, ચોળી અથવા પાલક, મેથી, ધાણા, તાંદલજો જેવા ભાજીવર્ગના પાકોનું વાવેતર કરવુ.
- સ્થાનીક પરીસ્થિતીને અનુરૂપ મસાલા પાક જેવા કે વરીયાળી, સુવા તથા અજમો વગેરે ની વાવણી બાબતે ખેડૂતો વિચારી શકે.
- આ ઉપરાંત જે ખેડૂતોને નવા ફળ પાકોનું વાવેતર કરવું હોય તેઓ જમીનમાં સારો ભેજ હોય ત્યાં સુધીમાં ક્લમો / રોપાનું વાવેતર કરી શકે છે.
- જે વિસ્તારમાં ચોમાસા દરમ્યાન જરૂરીયાત કરતાં ઓછો વરસાદ હોય, પિયતની પુરતી વ્યવસ્થા ન હોય તો ત્યાં બાગાયતી પાકો કરવા હિતાવહ નથી.પરંતુ સુકા વિસ્તારના બાગાયતી ફળ પાકો કરી શકાય

## ૬. <u>પાક્ના પિયતની ક્ટોક્ટીની અવસ્થાઃ-</u>

જે તે વિસ્તારમાં પાક્ને પિયત આપવા માટેનો જથ્થો મર્યાદીત પ્રમાણમાં હોય અને જુદા જુદા પાક હેઠળનો પિયત વિસ્તાર વધારે હોય ત્યાં ઓછા પાણીના વપરાશથી વધુમાં વધુ પાક ઉત્પાદન લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવી જરૂરી બને છે. આવા સંજોગોમાં જે તે પાક્ની ક્ટોક્ટીની અવસ્થાએ

અવશ્ય પિયત મળે તે ખાસ ધ્યાને લેવું જોઇએ. ક્ટોક્ટીની અવસ્થાએ પાક્ને પુરક પિયત આપવાથી પાક ઉત્પાદનમાં ઘટાડો નિવારી શકાય છે. દરેક પાક્ની ક્ટોક્ટીની અવસ્થા જુદા જુદા સમયે આવે છે. તે સમય દરમ્યાન પાક્ને ભેજની ખેંચ ન પડે તેની ખાસ કાળજી લેવી જોઇએ. ચોમાસા દરમ્યાન વરસાદના વહી જતાં વધારાના પાણીનો યોગ્ય રીતે સંગ્રહ કરી આ પાણીનો ઉપયોગ પાક્ની ક્ટોક્ટીની અવસ્થા દરમ્યાન લઇ પાક ઉત્પાદન લેવાનું આયોજન કરવું જોઇએ.

- ક્ટોક્ટીની અવસ્થા

| પાક્નુ નામ | પિયત માટેની ક્ટોક્ટીની અવસ્થા | વાવણી/ રોપણી/ તારીખના દિવસો |
|---|---|---|
| ફળપાકો | લાંબા ગાળાના ખરીફ પાક હોય ત્યારે ફૂલ આવતા પહેલા વાનસ્પતિક વૃધ્ધિ માટે માફક્સર ભેજ રાખવો. | ૧૫-૨૫ |
| રીગણી, મરચી, ટામેટા | ફુલ આવવાની શરૂઆત થયા પછી સમયાંતરે સતત પુરા જીવન કાળ દરમ્યાન જરૂરી છે. | ૩૫ - ૪૫ |

## રાજયમાં અછતની પરિસ્થિતીમાં બાગાયતદારો માટે પાક બચાવવા માટેની ભલામણો

બાગાયતદારોએ એમનો ઉભો પાક બચાવવા માટે તથા જયાં પાક સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે ત્યાં નવા પાકના સમયસર વાવેતરનું આયોજન કરવા નીચે મુજબના પગલાં લેવા ભલામણ કરવામાં આવે છે.

- વિવિધ બાગાયતી પાકોની અવસ્થાને ધ્યાને લઈ નાઈટ્રોજન યુકત ખાતર ભલામણ મુજબ પુર્તી ખાતર તરીકે આપવું.
- ફળ વાડીમાં ઝાડ પરથી તૂટી ગયેલ / રોગીષ્ટ ડાળીઓ કાપીને દૂર કરી અને બોર્ડોપેસ્ટ લગાવવી.
- શાકભાજી પાકોના ધરૂ તથા ઉભા પાકમાં મૂળના કોહવારાના નિયંત્રણ માટે ૦.૬ ટકા બોર્ડોમિશ્રણ અથવા ૦.ર ટકા કોપર ઓકઝીકલોરાઈડ (બ્લાઈટોક્ષ-૫૦% અથવા બલ્યુ કોપર-૫૦% દવા) નો ૪૦ ગ્રામ /૧૦ લીટર પાણીમાં ભેળવી પ્રવાહી મિશ્રણ ધરૂના કયારામાં અથવા છોડની ફરતે જમીનમાં આપવું.
- શાકભાજી ધરૂવાડીયામાં કે ફેર રોપણી બાદ રોગ જણાય કે તુરત જ પાનના ટપકાંના રોગના નિયંત્રણ માટે સ્ટ્રેપ્ટોસાયકલીન 1 ગ્રામ + 30 ગ્રામ તાંબા યુકત દવા (બ્લાઈટોક્ષ-૫૦%

અથવા બલ્યુ કોપર-૫૦% દવા) નું ૧૦ લીટર પાણીમાં પ્રવાહી મિશ્રણ બનાવી ૧૫ દિવસના અંતરે ૨ થી ૩ છંટકાવ કરવા.

- વેલાવાળા શાકભાજી પાકોમાં ભુકી છારાના રોગની શરૂઆત થાય કે તુરત જ સલ્ફેકસ ૮૦% દ્રાવ્ય ગંધક ૩૦ ગ્રામ અથવા ડીનોકેપ ૪૮% પ્રવાહી ૫ મી.લી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦% વેટેબલ પાવડર ૧૦ ગ્રામ પ્રમાણે ૧૦ લીટર પાણીમાં પ્રવાહી મિશ્રણનો ૧૦ થી ૧૨ દિવસના અંતરે ૨ થી ૩ છંટકાવ કરવા.
- શાકભાજી પાકોમાં ચૂસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે શોષક પ્રકારની કીટનાશક દવા જેવી કે ડાયમીથેયોટ અથવા મીથાઈલ-ઓ.-ડીમેટોન ૧૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી પ્રવાહી મિશ્રણનો ૧૦ થી ૧૨ દિવસના અંતરે ૨ થી ૩ છંટકાવ કરવા.
- વાવેતર કરેલ બાગાયતી પાકોમાં ઘામાં / ખાલા સમયસર પુરવા
- ટૂંકાગાળાના શાકભાજીના પાકો જેવા કે ગુવાર, ચોળી, ભીંડા અથવા પાલક, મેથી, ધાણા, તાંદળજો, જેવા ભાજીવર્ગના પાકોનું વાવેતર કરવું તેમજ વેલાવાળા શાકભાજી પાકોનું સુધારેલ /હાઈબ્રીડ જાતોનું વાવેતર પણ કરી શકાય.
- રીંગણ, ટામેટા,મરચા જેવા ફેર રોપણીથી વાવી શકાય તેવા પાકોનું ધરૂ મેળવી સમયસર વાવેતર પણ કરી શકાય.
- જે ખેડૂતોને નવા ફળપાકોનું વાવેતર કરવું હોય તેઓ જમીનમાં સારો ભેજ હોય ત્યાં સુધીમાં કલમ / રોપાનું વાવેતર કરી શકે.
- ખેડૂતો મરી મસાલાના પાકોમાં વરિયાળીનું વાવેતર કરવા ઈચ્છતા હોય તો વરીયાળીની રોપણી / વાવણી સપ્ટેમ્બર સુધીમાં થઈ શકશે.
- જે ખેડૂતો એ કોબીજ / ફલાવર જેવા શિયાળું શાકભાજીનું વહેલું વાવેતર કરવાનું આયોજન કરેલ હોય તેઓ આ પાકોનું આગોતરૂ ધરૂવાડીયું કરી શકશે.

## કુદરતી આફતની પરિસ્થિતીમાં પૂર્વ તૈયારી બાબત

બાગાયત ખાતુ, ગુજરાત રાજ્યના કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળ રાજ્યમાં બાગાયતના સંપૂર્ણ વિકાસ માટે કાર્યરત છે.

**પ્લાનના ઉદ્દેશ્યો:-**

(૧) કુદરતી આફતની પરિસ્થિતીમાં બાગાયતી પાકોમાં સીધુ નુક્શાન, નર્સરીઓ અને ફાર્મના ઉત્પાદનમાં થયેલ નુક્શાનીનું તાત્કાલિક સર્વે કરાવવું.

(૨) રાજ્યમાં બાગાયતી પાકોની ઉત્પાદન અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી.

(૩) આફત પછીની સીઝનમાં ઉત્પાદન વધારવું.

(૪) કચેરી તથા અન્ય માળખાગત સુવિધાને થયેલ નુક્શાનની મરામત.

કાર્યરત માળખાગત સુવિધા:-

બાગાયત વિભાગની જુદા જુદા સ્તરે સ્ટાફની પેટર્ન નીચે મુજબ છે.

બાગાયત નિયામક............................................રાજ્ય કક્ષાએ

↓

સંયુક્ત બાગાયત નિયામક..................................રાજ્ય કક્ષાએ

↓

સંયુક્ત બાગાયત નિયામક.................................. વિભાગીય કક્ષાએ (૨ વિભાગ)

↓

નાયબ/ મદદનીશ બાગાયત નિયામક...................... જિલ્લા કક્ષાએ

↓

બાગાયત અધિકારી...............................................તાલુકા કક્ષાએ

ઉપરની માળખાગત સ્ટાફ સુવિધા ઉપરાંત નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓ માહિતી અને પુન: સ્થાપન પ્રવૃત્તિઓની સંપૂર્ણ દેખરેખની જવાબદારી ખાતા કક્ષાની ઉપર તથા નીચેના સ્તરે સંકલનમાં રહી નિભાવે છે.

**તાત્કાલિક સંપર્ક ગ્રુપ:-**

(૧) સંયુક્ત બાગાયત નિયામકશ્રી (આયોજન-સંકલન) બાગાયત નિયામકશ્રીની કચેરીના મુખ્ય નોડલ અધિકારી તરીકે કામગીરી કરશે તેમજ કૃષિઅને સહકાર વિભાગના તથા ક્ષેત્રીય કક્ષાની કચેરીઓ વચ્ચે સંકલનમાં રહેશે.

(૨) સંયુક્ત બાગાયત નિયામકશ્રી (વિભાગીય કક્ષા)ની કચેરીના નાયબ બાગાયત નિયામકશ્રી તેમના વિભાગના જિલ્લા અધિકારીશ્રીઓના સંકલનમાં રહેશે.

(૩) જિલ્લાના નાયબ/ મદદનીશ બાગાયત નિયામકશ્રી તેઓના તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓના સંકલન અધિકારી તરીકે ફરજ બજાવશે. ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સેવકની મદદથી કાર્યવાહી કરવામાં આવશે.

**પ્લાન હેઠળ કરવામાં આવનાર પ્રવૃત્તિઓઃ-**

(૧) અસરગ્રસ્ત વિસ્તાર નક્કી કરવો.

(૨) નુક્શાનનો પ્રકાર તથા અંદાજ મેળવવો.

(૩) તાત્કાલિક લાગતા વળગતા સત્તાધિશોને રીપોર્ટીંગ કરવું.

(૪) બાગાયતી પાકો અને ખેત પ્રવૃત્તિઓ અંગેનો કા ન્ટીજંસી પ્લાન તૈયાર કરવો.

(૫) થયેલ નુક્શાનનો સર્વે અને અંદાજ મેળવવો.

(૬) રાહત અને બચાવ કામગીરી માટેની તૈયારી અને પ્રોગ્રામ તૈયાર કરવો.

(૭) કરવામાં આવેલ પ્રોગ્રામનુંસંપૂર્ણ મુલ્યાંકન.